પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૮ અંક :૨૨ કુલ પાના : ૪ તારીખ : ૧૬-૦૯-૨૦૨૪ સોમવાર કિંમત રૂ.૧.૫૦/- આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ RNI NO:- 67073/97

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)



# ખાનપુરના ઢોલ ખાખરા ગામે રાત્રિ સભામાં નલ સે જલનો મુદ્દો ઉછળ્યો

## કલેક્ટર દ્વારા એજન્સી પાસેથી નાણાં રિકવર કરવાની ખાતરી આપી

ખાનપુર, ખાનપુર તાલુકાના ઢોલ ખાખરા ગામે જિલ્લા કલેક્ટર નેહા કુમારી અને જિલ્લા વિકાસ અધિકારી સી.એલ.પટેલની ઉપસ્થિતિમાં રાત્રિસભા યોજાઈ હતી. આ સભામાં રોડ, રસ્તા, પાણીની સમસ્યા, વાસ્મો, વીજળી, પશુ દવાખાના, વાહન વ્યવહાર, આંગણવાડી અને બેંક અંગેના પ્રશ્નો રજુ કર્યા હતા. જેમાં મોટાભાગના પ્રશ્નો કલેક્ટર દ્વારા સંબંધિત અધિકારીને સુચના આપી નિકાલ કર્યો હતો. આ સભામાં પાણી પુરવઠા અધિકારી દ્વારા ગામને પાણી મળે છે તેમ કહેતા જ ગ્રામજનો દ્વારા એક સુરે ઉગ્ર રજુઆત કરાઈ કે વાસ્મો યોજના સદંતર ફેઈલ છે. ગામને હજુ સુધી પાણીનુ એક ટીપુંય મળ્યુ નથી. કલેક્ટર સામે જ ગ્રામજનોએ પાણી પુરવઠા વિભાગ અને વાસ્મો વિભાગની પોલ ખુલ્લી પાડી હતી. જેમાં કલેક્ટર દ્વારા પુછતા અધિકારી દ્વારા બોગસ કામ કરનાર એજન્સીના નામો આર.બી.પટેલ અને કૌષિક જોષી એમ બે નામો પણ આપવામાં આવ્યા હતા. જોકે કલેક્ટર દ્વારા જણાવવામાં આવ્યુ કે, વાસ્મોમાં ૧૧૨ એજન્સીને અમે બ્લેકલિસ્ટ કરી છે અને જેમણે બોગસ કામ કર્યુ છે તેની પાસેથી નાણાં રિકવર કરવામાં આવશે અને જરૂર જણાશે તો પોલીસ ફરિયાદ પણ કરવામાં આવશે તેમ જણાવ્યુ હતુ.

## બાલાસિનોરમાં ગણેશ વિસર્જન નિમિતે અનિચ્છનીય ઘટનાના બને તે હેતુથી મિટિંગ યોજાઈ



બાલાસિનોર, બાલાસિનોર નગર ગણેશ વિસર્જન યાત્રા નિમિત્તે કોઈપણ પ્રકારની અનિચ્છનીય ઘટનાના બને તે હેતુથી બાલાસિનોર પીઆઇ અનશુમન નિનામા દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર સલિયાવડી દરવાજા, કાછીઆ સમાજની વાડીમાં મીટીંગ યોજવામાં આવી હતી. જેમાં ગણેશ યુવક મંડળના આયોજકોને સૂચનો આપવામાં આવ્યા હતા. જેમાં સૌ પ્રથમ વખત બાલાસિનોર નગરમાં ગણેશ પ્રતિમાઓને વિસર્જન માટે નંબરિંગ આપવામાં આવશે. તેમજ એક જ ગૃપમાં જોડાય અને નાના ડીજે લાવે તે માટે સૂચન આપવામાં આવી છે. તેજ કોઈ પણ પ્રકારના કેફી પીણા પીને શોભાયાત્રામાં નહીં જોડાવવા માટે પણ સૂચના આપી છે. મિટિંગમાં બાલાસિનોર પી.આઇ.અનસુમન નિનામા યુવા નેતા પાર્થ પાઠક હાજર રહ્યા હતાં.

## ગોધરા તાલુકાના મહુલીયા શાળામાં મહુલિયા ક્લસ્ટરકક્ષાનો બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન



મેહુલીયા, બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન ૨૦૨૪-૨૫ અત્રેની મહુલીયા પ્રાથમિક શાળામાં યોજાયો. જેમાં સીઆરસી કોર્ડીનેટર અંકિતભાઈ સુથાર તથા મેહુલિયા સ્કૂલના આચાર્ય લક્ષ્મણભાઈ પટેલના અદ્યક્ષ સ્થાને યોજાયો. જેમાં મહુલીયા કલસ્ટરની ૧૨ શાળાઓએ ભાગ લીધો. જેમાં ૧૨ શાળાના શિક્ષક મિત્રો તથા આચાર્ય અને બાળ વૈજ્ઞાનિકોએ સાથે મળીને બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનમાં ભાગ લીધો.

## સંતરામપુરના વાકાનાળાના માર્ગ ઉપર કારમાંથી ૪.૪૦ લાખના એમ.ડી.ડ્રગ્સ સાથે ત્રણ આરોપી ઝડપાયા





સંતરામપુર, સંતરામપુર પોલીસ નાઈટ પેટ્રોલિંગમાં હોય તે સમયે સંતરામપુર પોલીસે બાતમીના આધારે સંતરામપુર બાયપાસ રોડ પરથી મધ્યપ્રદેશ તરફથી એક કાર સંતરામપુર વાંકાનાળા તરફ પુરઝડપે આવતા શંકા જતા પોલીસે કારને રોકવાનો પ્રયાસ કર્યો હતો. કાર ઉભી રખાવીને પોલીસે અંદર બેઠેલા શખ્સોની પુછપરછ કરી હતી. પોલીસે તપાસ કરતા કારમાં રાખેલ એમડી ડ્રગ્સ આશરે ૪૪.૬ ગ્રામ ૪.૪૦ લાખ જેટલુ કારમાંથી મળી આવ્યુ હતુ. પોલીસે કારમાં સવાર ડ્રાઈવર સહિત ૩ વ્યકિતઓને, કાર અને ડ્રગ્સને કબ્જે લઈને શંકાસ્પદ ડ્રગ્સ અંગે એફએસએલનો રિપોર્ટ કરતા એફએસએલ દ્વારા ડ્રગ્સની ચકાસણી કરી પકડવામાં આવેલા ડ્રગ્સ પ્રતિબંધિત એમડી ડ્રગ્સ હોવાનો રિપોર્ટ સંતરામપુર પોલીસને આપતા પોલીસે આ બનાવમાં કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી ધરપકડ કરી તપાસ હાથ ધરી હતી. પોલીસે એમડી ડ્રગ્સના ગુનામાં પકડાયેલા આરોપીઓ અરબાઝ કૈલાશચંદ્ર પરમાર, દિપકભાઈ ઝાડવાલ, રોશન મકરાણી તમામ રહે.રતલામ, મધ્યપ્રદેશ હોવાનુ સામે આવ્યુ છે.

## મહીસાગર જીલ્લા યુવા મહોત્સવ જેઠોલી ખાતે યોજાયો

### મહીસાગર જીલ્લાની ૨૩૯ માધ્યમિક શાળાઓના ૪૨૭ વિદ્યાર્થીઓ ૩૩ કૃતિઓ રજુ કરી.



બાલાસિનોર, બાલાસિનોર તાલુકાના જેઠોલી ખાતે આવેલી એલ.કે.આર પટેલ સાર્વજનિક હાઈસ્કૂલમાં મહીસાગર જીલ્લાનો જીલ્લાકક્ષાઓ યુવા મહોત્સવ મહીસાગર જીલ્લા કલેક્ટર નેહા કુમારીના અધ્યક્ષસ્થાને યોજવામાં આવ્યો હતો. આ યુવા મહોત્સવમાં મહીસાગર જીલ્લાની ૨૩૯ માધ્યમિક શાળાએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર મહીસાગર જીલ્લાના બાલાસિનોર તાલુકાના જેઠોલી ખાતે આવેલી એલ.કે.આર સાર્વજનિક હાઈસ્કૂલમાં મહીસાગર જીલ્લા જીલ્લા કક્ષાંઓ યુવા મહોત્સવ મહીસાગર જીલ્લા કલેક્ટર નેહા કુમારીના દ્વારા ખુલ્લો મુકવામા આવ્યો હતો. આ પ્રસંગે મહીસાગર કલેક્ટરે નેહા કુમારી જીલ્લા મહોત્સવમાં લીધેલા વિદ્યાર્થીઓને ઉત્સાહ વધાર્યો હતો, સાથે જીલ્લા માંથી રાજ્યમાં અને રાજ્ય માંથી દેશ કક્ષાએ અને દેશ માટે વિવિધ સ્પર્ધામાં જઈ મહીસાગર જીલ્લાનું નામ રોશન કરે તેવી શુભેછાઓ આપી હતી. જીલ્લા મહોત્સવમાં મહીસાગર જીલ્લાની ૨૩૯ માધ્યમિક શાળાના ૪૨૭ વિદ્યાર્થીઓએ લોકનૃત્ય, લોકગીત, એકાંકી, કર્નાટક સંગીત, સિતાર,વાસણી, તબલા વીણા, શાસ્ત્રીય નૃત્ય, ભરતનાટ્યમ જેવી વિવિધ ૩૩ કૃતિઓ રજુ કરવામાં આવી હતી. આ પ્રસંગે બાલાસિનોર ધારાસભ્ય માનસિંહ ચૌહાણ, પ્રાંત અધિકારી હિરેન ચૌહાણ, જીલ્લા શિક્ષણા અધિકારી એ.ડી.મુનિયા, મામલતદાર રાજેન્દ્રસિંહ વાઘેલા, તાલુકા વિકાસ અધિકારી અવની તાંબિયાર, જીલ્લા યુવા વિકાસ અધિકારી શર્મિષ્ઠાબેન વસૈયા, જેઠોલી સરપંચ દિપક પંચાલ સહીત ભારે સંખ્યામાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

## દાહોદના કસ્બા વિસ્તારમાં ૧૦ વર્ષીય યુવકનો મૃતદેહ મળ્યો

દાહોદ, દાહોદ શહેરના કસ્બા વિસ્તારમાં એક ૧૯ વર્ષિય આશાસ્પદ યુવકનો મૃતદેહ તેના ઘરમાંથી મળી આવતાં પંથકમાં ચકચાર મચી જવા પામ્યો છે. ઘટનાની જાણ સ્થાનીક પોલીસને કરવામાં આવતાં પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. ત્યારે યુવકની હત્યા કરવામાં આવી હશે કે પછી તેને આત્મહત્યા કરી હશે ? જેવા અનેક સવાલો સાથે પોલીસે તપાસનો ધમધમાટ આરંભ કર્યો છે, પરંતુ યુવકનો મૃતદેહ જે રીતે મળી આવ્યો છે. જેમાં યુવકના હાથ,પગ બાંધેલી હાલતમાં જોવા મળી રહ્યાં હતા. તેની ઉપરથી હત્યાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે.

દાહોદ શહેરના કસ્બા વિસ્તારમાં ઉત્તરપ્રદેશનો એક પરિવાર પોતાના વતન ગયા હતાં.ત્યારે દાહોદ મુકામે તેઓના ઘરે પોતાનો ૧૯ વર્ષિય પુત્ર મુસાબભાઈ અંસારી પોતાના ઘરે એકલો હતો, ત્યારે મુસાબભાઈનો મૃતદેહ તેના ઘરના રૂમમાં તેમના હાથ અને પગ બંન્ને બાંધેલ હાલતમાં જોવા મળતાં બુમાબુમ મચી જવા પામી હતી. ઘટનાને પગલે સ્થળ પર લોકટોળા ઉમટી પડ્યાં હતાં. ઘટનાની જાણ સ્થાનીક પોલીસને કરવામાં આવતાં સ્થાનીક પોલીસ, એલસીબી પોલીસ, એસઓજી પોલીસ સહિતનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. ગતરોજ રાત્રીની બનેલ આ ઘટનાને પગલે પંથકમાં ચકચાર મચી ગઈ હતી. ઉપરોક્ત યુવક પોતાના ઘરે એકલો હતો અને પરિવારજનો વતન ઉત્તરપ્રદેશ ખાતે ગયાં હતાં ત્યારે આ અંગેની જાણ મૃતક યુવકના પરિવારજનોને કરવામાં આવતાં પરિવારજનો પણ તાબડતોડ મોડી રાત્રે દાહોદ આવવા રવાના થઈ ગયાં હતાં. ઘટના સ્થળે પહોંચેલ પોલીસે મૃતક યુવકના મૃતદેહનો કબજો લઈ નજીકના દવાખાને પીએમ માટે મોકલી દેવાની તજવીજ હાથ ધરી છે. ત્યારે યુવકે આત્મહત્યા કરી હશે પછી તેની કોઈકે કોઈ અદાવતે હત્યા કરવામાં આવી હશે ? જેવી અનેક ચર્ચાઓએ ભારે જોર પકડ્યું છે. યુવકનો મૃતદેહ જે રીતે મળી આવ્યો તેના પરથી તો યુવકની હત્યા થઈ હોવાની ચર્ચઓએ ભારે જોર પકડ્યું ત્યારે સમગ્ર મામલે પોલીસના જણાવ્યાં અનુસાર, આ મામલે યુવકના પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યાં બાદજ સાચી હકીકત સામે આવે તેમ છે. જેના પરથી સ્પષ્ટ થશે કે યુવકે આત્મહત્યા કરી છે કે પછી તેની હત્યા થઈ છે. તે માટે પોલીસ દ્વારા અત્યાર મૃતક યુવકના પોસ્ટમોર્ટમ રિપોર્ટની રાહ જોઈ રહ્યાં છે. જાણવા મળ્યાં અનુસાર, મૃતદ યુવક અભ્યાસની સાથે પીઓપીનું પણ કામ કરતો હોવાનું જાણવા મળી રહ્યું છે.

## સિંગવડના લક્ષ્મીનગર માંથી અંબાજી પગપાળા દર્શન અર્થે ગયેલ પરિવારના મકાન માંથી ૧.૨૫ લાખના મત્તાની ચોરી

દાહોદ, દાહોદ જીલ્લાના સિંગવડના લક્ષ્મી નગરમાં એક વ્યક્તિ પોતાના મકાનને તાળું મારી અંબાજી પગપાળા દર્શન અર્થે ગયો હતો, તે દરમિયાન તકનો લાભ લઈ ચોરીના મક્કમ ઈરાદે ત્રાટકેલા તસ્કરોએ મકાનનો નકુશો અને તાળો તોડી પ્રવેશ કર્યા બાદ તિજોરીમાં મુકેલા સોના ચાંદીના દાગીના મળી સવા લાખ ઉપરાંતની રકમ ઉપર હાથ ફેરો કરી ભાગી ગયાનું જાણવા મળે છે.

સિંગવડ ખાતે લક્ષ્મી નગરમાં રહેતા કામોલ નલિનકુમાર નાનુસીહ જે અંબાજી ખાતે પગપાળા જવા માટે ૬.૯.૨૪ નારોજ ઘરેથી નીકળ્યા હતા. જ્યારે તેમના માતા અને પિતા પણ તેમના ડુંગરી ગામે રહેતા હોય અને આ મકાનનું તાળું બંધ હાલતમાં હોય જ્યારે નલીનભાઈ ૧૨.૯.૨૪ ના રોજ અંબાજી થી પરત ફરેલા તેમને તેમના ઘરે જતા તેમના ઘરના તાળાનું નકુચો તૂટેલી હાલતમાં દેખતા તેમને તેમના ઘરમાં જઈને જોતા મધ્ય રૂમમાં તિજોરી મૂકેલી હોય અને તે તિજોરી નો સામાન વિખેરેલી હાલતમાં દેખાતા તેમને તેમની મમ્મી પપ્પાની તિજોરી જે ૨૦૧૧માં તિજોરી લીધેલી હતી. તેનામાં સોના ચાંદીના દાગીના ચાંદીના કંદોરા ૨ ઝાંઝરી ૨ બુટી ૧ કંદોરો સોનાનો લોકેટ ૧ દોરા ૨ બુટ્ટી એક વીંટી વગેરે મળીને રૂપિયા ૧,૨૫,૦૦૦ નો મુદ્દામાલ તસ્કરો દ્વારા ચોરી કરવામાં આવ્યો હતો.જ્યારે તેની જાણ નલિનભાઈ દ્વારા રણધીપુર પોલીસ સ્ટેશન ખાતે કરવામાં આવી હતી. ત્યારે રણધીપુર પોલીસ દ્વારા સ્થળ નિરીક્ષણ કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, સિંગવડ તાલુકામાં છેલ્લા કેટલાય સમયથી ઘરફોડ ચોરીના બનાવો વધતા નગરવાસીઓમાં લોકોમાં ભય ફેલાવવા પામ્યો છે. ત્યારે પોલીસે ઉપરોક્ત મામલે ગંભીરતા દાખવી તસ્કરોને ઝબ્બે કરે તેવી માંગ ઉઠવા પામી છે.

## દાહોદ કસ્બા વિસ્તારમાં વરલી મટકાના જુગારમાં એક ઈસમને ઝડપ્યો

દાહોદ, દાહોદ શહેરના કસ્બા વિસ્તારમાં જાહેરમાં વરલી-મટકાનો આંક ફરકનો જુગાર રમાડતા એક ઈસમને પોલીસે ઝડપી પાડી તેની અંગ ઝડતીમાંથી રોકડા રૂપીયા ૧૦,૬૦૦ની રોકડ રકમ સાથે ઝડપી પાડ્યાંનું જાણવા મળે છે.

ગત તા.૧૪મી સપ્ટેમ્બરના રોજ દાહોદ જીલ્લા ટ્રાફિક શાખામાં ફરજ બજાવતાં સુરેશભાઈ હકલાભાઈને મળેલ બાતમીના આધારે દાહોદના કસ્બા વિસ્તાર ખાતે વોચમાં હતા. તે સમયે ત્યાં અમજલખાન ઉર્ફે અલી લતીફખાન પઠાણ (રહે. મદમદી, એપાર્ટમેન્ટ, કસ્બા નુર મસ્જીદ પાછળ, પીંજારવાડ, દાહોદ, તા.જી.દાહોદ)નો જાહેરમાં ખુલ્લી જગ્યામાં વરલી-મટકાનો આંક ફરકનો જુગાર રમાડતો હતો ત્યારે ઉપરોક્ત ટ્રાફિક પોલીસે આ અંગેની જાણ દાહોદ એ ડિવીઝન પોલીસ મથકને જાણ કરતાં પોલીસ સ્થળ પર પહોંચી ગઈ હતી અને ઉપરોક્ત ઈસમને જુગારના સાધનો સાથે ઝડપી પાડી તેની અંગ ઝડતીમાંથી રોકડા રૂપીયા ૧૦,૬૦૦ની રકમ કબજે કરી આ સંબંધે દાહોદ એ ડિવીઝન પોલીસે જુગાર ધારાની કલમ મુજબ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## આપની આજ.......

મેષ:તમારે કડવાશને મીઠાશમાં રૂપાંતરિત કરવાની કળા શીખવી પડશે. તમને તમારા જીવનસાથી તરફથી સહયોગ મળશે. સંતાન તરફથી નિરાશાજનક સમાચાર મળી શકે છે.

વૃષભ: આજે તમને પારિવારિક અને આર્થિક મામલામાં સફળતા મળશે. આજીવિકાના ક્ષેત્રે ચાલી રહેલા નવા પ્રયત્નો ફળદાયી બનશે. કર્મચારીઓનો આદર અને સહયોગ પણ પૂરતો રહેશે.

મિથુન: આજે તમારો દિવસ મિશ્રિત રહેશે, પરંતુ સ્વાસ્થ્ય નરમ રહેશે. કોઈ પ્રતિકૂળ સમાચાર સાંભળીને તમારે અચાનક પ્રવાસ પર જવું પડી શકે છે. તમારી વાતોને લીધે કોઈની સાથે મતભેદો અને વિવાદ થઈ શકે છે.

કર્ક: આજનો દિવસ સંતોષપૂર્ણ અને શાંતિપૂર્ણ બની રહી શકે છે. રાજકીય ક્ષેત્રે કરવામાં આવેલા પ્રયત્નોથી સફળતા મળશે. સરકાર અને સત્તા વચ્ચેના જોડાણનો લાભ તમને મળી શકે છે.

સિંહ: આજનો દિવસ પુત્ર, પુત્રીની ચિંતા અને તેમના કાર્યોમાં વિતાવશો. વિવાહિત જીવનમાં ઘણા દિવસોથી ચાલી રહેલી સમસ્યા સમાપ્ત થઈ જશે. આજે સંબંધીઓ સાથએ વ્યવહાર ના કરો, સંબંધો ખરાબ થવાની સંભાવના છે.

કન્યા: આજે તમારા વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે. શાસક પક્ષ સાથે નિકટતા અને જોડાણનો લાભ પણ તમને મળશે. સાસરિયા તરફથી પૂરતી રકમ મળી શકે છે.

તુલા: આજે તમારી આસપાસ કોઈ સુખદ વાતાવરણ રહેશે. પરિવારના બધા સભ્યોની ખુશીમાં વધારો થશે. કેટલાક મોટા વ્યવહારોની સમસ્યા જે ઘણા દિવસોથી ચાલી રહી છે તે ઉકેલાઈ શકે છે.

વૃશ્ચિક: આજે વૃશ્ચિક રાશિના લોકોએ તેમના સ્વાસ્થ્યનું વધુ ધ્યાન રાખવું પડશે. વાયુ વિકારની ફરિયાદો હોઈ શકે છે. બ્લડ પ્રેશરના દર્દીઓના રોગમાં વધારો થઈ શકે છે. નોકરી-વ્યવસાયની દ્રષ્ટિએ દિવસ મિશ્રિત રહેશે.

ધન: આજની સ્થિતિમાં મન વિચલિત રહી શકે છે. આવકના નવા સ્રોત સર્જાશે પરંતુ માનસિક મૂંઝવણને કારણે તમે લાભથી વંચિત રહી શકો છો. નમ્રતા-વાણીથી આદર મળશે. તમને શિક્ષણ અને સ્પર્ધામાં વિશેષ સફળતા મળશે.


મકર: આજે આજીવિકાના ક્ષેત્રે પ્રગતિ થશે. રાજ્યની પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે. સંતાનની જવાબદારી નિભાવી શકાય છે. મુસાફરીની સ્થિતિ સુખદ અને લાભકારી રહેશે.

કુંભ: આજે તમને ભાગ્યનો સહયોગ મળશે. રોજગાર-વ્યવસાયના ક્ષેત્રમાં ચાલી રહેલા પ્રયત્નોમાં કલ્પનાત્મક સફળતા પ્રાપ્ત થશે. સંતાન તરફથી પણ સંતોષકારક સુખદ સમાચાર મળશે.

મીન: આજે કોઈ કિંમતી વસ્તુની ચોરીનો ભય રહેશે. બાળકોના શિક્ષણમાં અથવા કોઈપણ સ્પર્ધામાં સફળતાના સમાચારોને લીધે મનમાં આનંદ થશે. કોઈપણ અટકેલા કામ સાંજે પૂર્ણ થશે. રાત્રે શુભ કાર્યોમાં ભાગ લેવાનું સૌભાગ્ય મળશે.



આજરોજ મીનાક્યાર ગામમાં પ્રાથમિક શાળા ખાતે હેલ્લો ડોક્ટર બેન પ્રોગ્રામ અને ICDS ના સંકલન થી પોષણ માહની ઉજવણી કરવામાં આવી. જેમાં શાળાના આચાર્ય, હેલ્લો ડોક્ટર બેન પ્રોગ્રામના DC રાજેશ મોહનિયા, ICDS ના સ્ટાફ તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા.



ગરબાડામાં રવિવારે ભરાતા હાટ બજારમાં રામનાથ સરોવર વાળી ચોકડી ઉપર બપોરના ૧૨ વાગ્યા સુધી કાયમ માટે ટ્રાફિકજામ થતો હોય છે. જે બાબતે સ્થાનિક લોકો દ્વારા પોલીસ મથકમાં જાણ કરવા છતાં પણ રવિવાર માટે અહીંયા ટ્રાફિક પોઈન્ટ મૂકવામાં આવતો નથી. એક તરફ હાર્ટ બજારમાં બહારગામ થી આવતા લોકો દ્વારા રસ્તા ઉપર જ દુકાનો લગાવવામાં આવે છે, તો બીજી તરફ વાહનો પણ આડેધડ પાર્કિંગ કરી દેવામાં આવે છે. જેના કારણે દર રવિવારે ટ્રાફિકજામના દ્રશ્યો જોવા મળતા હોય છે

## દાહોદમાં ઉંચુ વ્યાજ આપવાની સ્કીમો બતાવી ખાતેદારો પાસેથી ૨૯.૨૪ લાખ પડાવ્યા બાદ વ્યાજ સાથે રકમ પરત નહિ કરતા ૭ ઈસમો સામે ફરિયાદ

દાહોદ, દાહોદ શહેરમાં ઉંચુ વ્યાજ આપવાની સ્કીમો બતાવી શહેરના મધ્યમાં કંપનીની બ્રાન્ચ ખોલી ૧૦૨ ખાતેદારો પાસેથી કુલ રૂા.૨૯,૨૪,૩૧૦ જેટલી માતબર રકમ પડાવ્યાં બાદ પાક્તી મુદતે નિર્ધારિત કરેલ વ્યાજ સાથેના નાણાં તેમજ મુડી પરત નહીં કરી ૦૭ જેટલા લેભાગુ તત્વોએ બ્રાન્ચ બંધ કરી નાસી જતાં પંથકમાં ચકચાર મચી જવા પામી છે. આ મામલે ૦૭ ઈસમો વિરૂધ્ધ વિશ્વાસઘાત તેમજ છેતરપીંડી અંગેની પોલીસમાં ફરિયાદ નોંધાંતાં પોલીસે તપાસનો ધમધમાટ આરંભ કર્યાનું જાણવા મળે છે.

દાહોદ શહેરના મધ્યમાં આવેલ ઠક્કર બાપા ચોક ફાયર બ્રિગેડની સામે સત્યમ કોમ્પલેક્ષમાં સમૃધ્ધ જીવન ફુડસ ઈન્ડિયા લીમીટેડ તથા સમૃધ્ધ જીવન મલ્ટી સ્ટેટ મલ્ટી પર્પસ કો.ઓ. સોસાયટી નામની કંપનીની બ્રાંન્ચ કાર્યરત હતી ત્યારે તારીખ ૧૧.૧૦.૨૦૧૧ થી તારીખ ૨૪.૧૨.૨૦૧૬ના સમયગાળા દરમ્યાન આ બ્રાંન્ચ દ્વારા દાહોદ શહેર તેમજ તાલુકાના આસપાસના લોકોને અલગ-અલગ સ્કીમોમાં વાર્ષિક ૧૬ ટક વ્યાજ આપવાની લાલચ આપી કુલ ૧૦૨ ખાતેદારો પાસેથી નાણાં રોકાણ કરાવ્યાં હતાં. કુલ ૧૦૨ ખાતેદારોના મળી કુલ રૂા.૨૯,૨૪,૩૧૦ જેટલી રકમ ખાતેદારો પાસેથી લઈ બચતમાં ભરાવડાવી અને પાક્તી મુદતે પરત નહીં આપી દાહોદ ખાતેની આ બ્રાંન્ચની ઓફિસ બંધ કરી આ બ્રાંન્ચનું સંચાલન કરનાર મહેશભાઈ કિશનભાઈ મોતેવાર, લીનાબેન મહેશભાઈ મોતેવાર, સુનિતાબેન કિરણભાઈ થોરાટ, મહેન્દ્ર વસંતભાઈ ગડે, રજનીભાઈ ઠાકોર, પ્રસાદભાઈ કિશોરભાઈ પારસ્વાર (રહે. પુના અને મહારાષ્ટ્ર) તેમજ દાહોદ શહેરના ગોવિંદનગર ખાતે રહેતાં સંજયભાઈ નરેશભાઈ ચોપડા આ સાતેય ઈસમો બ્રાંન્ચ બંધ કરી નાસી ગયાં હતાં. ત્યારે જેતે સમયે ખાતેદારોને ઉપરોક્ત ઈસમો સુરત કોર્ટમાં મળ્યાં હતા. તે સમયે રોકાણ કરેલ નાણાં વ્યાજ સહિત પરત આપી દઈશું હોવાનું જણાવ્યું હતું, પરંતુ આજદિન સુધી પોતે રોકાણ કરેલ નાણાં તેમજ મુડી વ્યાજ સહિત ચુકતે ન કરતાં ખાતેદારોને પોતાની સાથે છેતરપીંડી તેમજ વિશ્વાસઘાત થયો હોવાનું માલુમ પડતાં આ સંબંધે દાહોદ તાલુકાના ઉચવાણીયા ગામે મેડા ફળિયામાં રહેતાં અને જેઓ પણ બ્રાંન્ચમાં નાણાં રોક્યા હતા. તે દિતાભાઈ પ્રતાપભાઈ મકવાણાએ દાહોદએ ડિવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગુજરાત સરકાર




# પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષેત્રે અગ્રણી ગુજરાતના આંગણે વિશ્વભરના રોકાણકારોનું ભવ્ય સ્વાગત

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પરંપરાગત ઊર્જા પર આલંબન ઘટાડી ભારતને ક્લીન-ગ્રીન ઊર્જા ક્ષેત્રે આત્મનિર્ભર બનાવવાના લક્ષ્ય સાથે વર્ષ 2030 સુધીમાં 500 GW જેટલી પુન:પ્રાપ્ય ઊર્જાના ઉત્પાદનનું લક્ષ્ય રાખ્યું છે.

આ લક્ષ્યને સાકાર કરવામાં શ્રેષ્ઠ યોગદાન આપવાની નેમ સાથે માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે 2030 સુધીમાં ગુજરાતમાં 100 GW જેટલી પુન:પ્રાપ્ય ઊર્જા ઉત્પાદનનો નિર્ધાર કર્યો છે.

આ દિશામાં આગળ વધતા ભારત સરકારના ન્યુ એન્ડ રીન્યુએબલ એનર્જી મંત્રાલય દ્વારા ગુજરાતમાં રીન્યુએબલ એનર્જી ઇન્વેસ્ટર્સ મીટ એન્ડ એક્સપો 'RE-Invest' નું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં વિશ્વભરના રોકાણકારો પધારી રહ્યા છે. ગુજરાત પુન:પ્રાપ્ય ઊર્જા ક્ષેત્રે અગ્રણી રાજ્ય છે અને આ ક્ષેત્રે સિદ્ધિના નવા શિખર સર કરવા પ્રતિબદ્ધ છે.



RE INVEST 2024

Invest | Innovate | Inspire

**16-18 સપ્ટેમ્બર 2024**

મહાત્મા મંદિર,
ગાંધીનગર, ગુજરાત

**25,000+** સહભાગીઓ | **200+** વક્તાઓ | **10,000+** sq. mtrs. પ્રદર્શન વિસ્તાર



**ગુજરાતનું પુનઃપ્રાપ્ય ઊર્જા ઉત્પાદન લક્ષ્ય 2030 સુધીમાં 100 GW થી વધુ**

રજિસ્ટ્રેશન માટે લૉગ ઇન કરો re-invest.in

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# હાલોલના સાથરોટામાં શ્રદ્ધા રેસીડેન્સીના મકાનની દિવાલ ધરાશાહી થતાં મહિલાને ઈજાઓ

## નવિન બાંધકામવાળા મકાનની દિવાલ ધરાશાહી.



હાલોલ,

હાલોલ તાલુકાના સાથરોટામાં શ્રદ્ધા રેસીડન્સી સોસાયટીમાં રસોડાની દિવાલ ધરાશાહી થઈ જતાં મહિલાને ઈજાઓ પહોંચતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે.

વિસ્તૃત વિગતો મુજબ હાલોલ તાલુકાના સાથરોટામાં શ્રધ્ધા રેસીડન્સી-૨માં ૬ મહિના પહેલા કોલીએન પવનસિંહ રાજપૂત નામની મહિલા દ્વારા મકાનોનું બાંધકામ કરવામાં આવ્યું હતું. આ મકાન બિહારના દિનેશ પાસવાનએ રાખેલ હોય અને પરિવાર સાથે રહેતા હોય ત્યારે નવિન બાંધકામ થયેલ મકાનની દિવાલ તુટી પડતા રસોડામાં કામ કરતા કીરમાંગીબેન ઉપર પડતા ઈજાગ્રસ્ત થયેલ મહિલાને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. નવિન બાંધકામવાળા મકાનની દિવાલ ધરાશાહી થતાં બિલ્ડરોમાં દોડધામ મચી જવા પામી છે. બિલ્ડરો દ્વારા જીઆઈડીસી વિસ્તારના ગામડાઓમાંખેડુતોની જમીન ખરીદી કરી એન.એ. કરાવી નક્શા કરતાં વિપરીત બાંધકામો કરી રહેણાંક મકાનો જેની ગુણવત્તા જળવાઈ ન હોય તેવા મકાનો ગ્રાહકોને પધરાવી દેવામાં આવતાં હોય છે. આવા મોતના તાબુત ઉભા કરી લોકોના જીવ જોખમમાં મુકતા હોય તેવા બિલ્ડરો સામે તપાસ કાર્યવાહી પણ જરૂરી બની છે.

# મોરવા(હ)ના માતરીયા વેજમાં માતાએ ૧૩ દિવસની બાળકી સાથે નદીમાં ઝંપલાવી આપધાત કર્યો

મોરવા(હ),

મોરવા(હ)તાલુમાના માતરીયા વેજમાં ગામની મહિલાએ પોતાના ૧૩ દિવસીય બાળક સાથે મોરવા(હ)નદીના પુલ ઉપરથી હડફ નદીના પાણીના વ્હેણમાં કુદી પડી મરણ ગયા હતા. જે મામલે મૃતકના પતિ દ્વારા મોરવા(હ)પોલીસ મથકે ફરિયાદ નોંધાવાઈ છે.

મોરવા(હ)તાલુકાના માતરીયા વેજમાં પટેલ ફળિયામાં રહેતા અરવિંદ ઝેરાભાઈ બારીયાએ મોરવા(હ)પોલીસ મથકે જાહેરાત આપતા જણાવ્યુ હતુ કે, મરણ જનાર ઉર્મીલાબેન અરવિંદભાઈ બારીયાએ ગત તા.૩૧/૦૮/૨૦૨૪ના રોજ એક બાળકને જન્મ આપ્યો હતો તે પછી મરણ જનાર શારીરિક રીતે અશકત રહેતા હતા. તે દરમિયાન તેઓએ જન્મ આપેલ બાળક બિમાર રહેતુ હોય માટે બાળકની સારવાર કરાવી હતી. તે દરમિયાન તા.૧૨ના રોજ વહેલી સવારના પોતાના ઘરેથી મરણ જનાર તેઓના ૧૩ દિવસના બાળક સાથે કોઈને જાણ કર્યા વગર નીકળી જઈ મોરવા(હ)નદીના બ્રિજ ઉપરથી પોતાના નાના બાળક સાથે હડફ નદીના પુલ ઉપરથી વહેતા પાણીના પ્રવાહમાં કુદી જઈ મરણ પામ્યા હતા. ત્યારે સમગ્ર મામલે પોલીસે ફરિયાદ નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

# પાવાગઢ માંચી ખાતે એક વર્ષ પહેલા દબાણો તોડ્યા બાદ હજુ પણ બાંધકામનો કાટમાળ યથાવત

હાલોલ,

સુપ્રસિદ્ધ યાત્રાધામ તેમજ શક્તિપીઠ પાવાગઢ માંચી ખાતે આવેલ ચાચર ચોક ફરતે જિલ્લા પંચાયત હસ્તકની ૪ હેકટર જેટલી જમીન પર બાપ-દાદાની પેઢીઓની થયેલા ૨૭ જેટલા કાચા-પાકા દબાણો દુર કરી પાવાગઢ વિકાસ ફેસ-૩ અંતર્ગત યાત્રાળુઓની સુવિધા વધારવા આ દબાણો દુર કરવામાં એક વર્ષ અગાઉ કામગીરી કર્યા બાદ હજુ પણ દબાણોનો કાટમાળ યથાવત સ્થિતિમાં જોવા મળે છે. આજથી બરાબર એક વર્ષ અગાઉ પાવાગઢ માંચી ખાતે યાત્રાળુઓની સુવિધા અર્થે વિકાસ કાર્યો ફેસ-૩માં ચાચર ચોક ખાતે અંદાજિત ૧૨ કરોડના ખર્ચે યાત્રાળુઓની સુવિધા માટેના વિકાસ કાર્યો કરવા માટે આ જમીન ખુલ્લી કરવા માટે દબાણો દુર કરવામાં આવ્યા હતા. જયારે દબાણ હટાવવામાં આવ્યા ત્યારે તંત્ર દ્વારા જણાવાઈ રહ્યુ હતુ તેમજ વધુમાં તંત્રના અધિકારીઓ દ્વારા દબાણો હટાવવાની કામગીરી દરમિયાન જણાવાયુ હતુ કે, આ દબાણો દુર કરાયા બાદ ખુલ્લી જયેલી જમીન ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડને સરકારના ડ્રીમ પ્રોજેકટ અંતર્ગત વિકાસના કામો માટે સુપરત કરવામાં આવશે. જોકે એક વર્ષ પુર્ણ થવા આવ્યુ છે. પરંતુ માંચી ખાતે તમામ સુવિધાઓથી યાત્રાળુઓ વંચિત જોવા મળે છે. હજુ પણ કાટમાળ હટાવવામાં આવ્યો નથી. હાલના આ દ્રશ્યો જોઈને યાત્રાળુઓ ઉંડા દુઃખની લાગણી અનુભવી રહ્યા છે.

# શહેરા તાલુકા પંચાયત કચેરી ખાતે સ્વચ્છતા મિશન ગ્રામીણ અંતર્ગત યોજનાકીય રીફ્રેશર તાલીમ યોજાઈ




શહેરા,

શહેરા તાલુકા પંચાયત કચેરી ખાતે સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ અંતર્ગત તાલુકા વિકાસ અધિકારી પાર્થ પટેલની અધ્યક્ષ સ્થાને એક દિવસીય યોજનાકીય રીફ્રેશર તાલીમ યોજાઈ હતી. આ તાલીમમાં તલાટી કમ મંત્રીઓ અને ગ્રામ પંચાયતના સરપંચો ઉપસ્થિત રહ્યા હતાં.શહેરા તાલુકા પંચાયત કચેરી ખાતે સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ અંતર્ગત એક દિવસીય યોજનાકીય રીફ્રેશર તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. તાલુકા પંચાયત હોલમાં રાખવામાં આવેલી એક દિવસીય તાલીમ તાલુકા વિકાસ અધિકારી પાર્થ પટેલની અધ્યક્ષ સ્થાને રાખવામાં આવી હતી. તાલુકા વિકાસ અધિકારી પાર્થ પટેલ તેમજ સ્વચ્છ ભારત મિશન માં ફરજ બજાવતા સ્ટાફે દીપ પ્રાગટ્ય કરીને તાલીમની શરૂઆત કરાઈ હતી. એક દિવસીય તાલીમમાં ગ્રામ પંચાયત કચેરીના તલાટી કમ મંત્રીઓ તેમજ સરપંચોને ઘન કચરાના વ્યવસ્થાપન માટે બનાવેલા એસેટની જાળવણી નિભાવની કરવાની થતી કામગીરી અંગેની સમજણ આપવામાં આવા સાથે તેમજ સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ યોજનાની વિગતવાર માહિતી આપવામાં આવી હતી. તાલુકા પંચાયત કચેરીના સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ શાખા દ્વારા રાખવામાં આવેલી આ એક દિવસીય રીફ્રેશર તાલીમમાં તાલુકાના ગ્રામ પંચાયતના સરપંચો અને તલાટી કમ મંત્રીઓ ઉપસ્થિત રહેતા તાલીમને સફળતા મળવા સાથે સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ શાખામાં ફરજ બજાતા સ્ટાફની મહેનત રંગ લાવી હતી.

# શ્રદ્ધા અને ભકિતનું કેન્દ્ર બનેલું નદીસર ગામનું ગણેશ મંદિર



નદીસર,

ગોધરા તાલુકાના નદીસર ખાતે ગામના પાદરે નંદકેશ્વર મહાદેવ પ્રાંગણમાં આવેલું ગણપતિ દાદાનું મંદિર શ્રદ્ધા અને ભક્તિનું કેન્દ્ર બન્યું છે.

આશરે સાતસો થી આઠસો વર્ષ પુરાણા નદીસરના નંદકેશ્વર મહાદેવની બાજુમાં ૧૯૭૫ પહેલા માટીની ટેકરી પર ગણપતિ દાદાની પથ્થરની મૂર્તિ હતી ત્યાં અગાઉ મંદિર હતું, પરંતુ તે મંદિર કોઈ કારણસર તૂટી જતા સદર ગણેશ ટેકરી પર ખુલ્લામાં ગણપતિજી મૂર્તિ હતી અને ભાવિકો દર્શન કરતાં હતા. ત્યારે ૧૯૭૫માં ગામમાં તે જમાના એન.જી.ઓ. જેવું કામ કરતું શિવ મંડળ દ્વારા બાજુમાં ગામ ફાળો અને જાતે ચણતર કામ કરી નાનું મંદિર બનાવેલ હતું. તે મંદિરમાં મુકવા માટે આરસની ગણેશજીની પ્રતિમા નદીસરના વતની અને અમદાવાદ ખાતે કાગળનો બીઝનેશ કરતા ગિરીશભાઈ શેઠે લઈ આપી હતી. જોકે, તે મૂર્તિની તે વખતે પ્રાણ પ્રતિષ્ઠા થઈ નહોતી અને ગામના મધુ બેન શેઠના ઘરે મૂર્તિ બે વર્ષ રહી હતી, તે બાદ નદીસરના વતની અને હાલના ગોધરાના ધારાસભ્ય સી.કે.રાઉલજીને મનો મન પ્રેરણા થતા ૧૯૭૭ માં તેમને અને તેમના ધર્મ પત્ની જયનાબેન રાઉલજીના લગ્ન પ્રસંગે આવેલી ભેટની રકમ માંથી ગણેશજીની પ્રતિમાની પ્રાણ પ્રતિષ્ઠા કરાવી હતી, એ બાદ ફરી આ મંદિરનું ૧૯૯૯ના સી.કે.રાઉલજી દ્વારા નવેસર થી એકલા હાથે નિર્માણ કરી ગણપતિ દાદાની નવી મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા કરાવી હતી. અહીંયા ગણપતિ ચોથ તેમજ આનંદ ચૌદશના દિવસે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુ દર્શન કરવા માટે આવે છે. છેલ્લા ૪૫ વર્ષ થી નિર્વિઘ્ને અહીંયા રાઉલજી પરિવાર દ્વારા ગણેશજીની સ્થાપના કરવામાં આવે છે અને રોજ સવાર સાંજ વૈદિક મંત્રોચ્ચાર થી બ્રાહ્મણો દ્વારા પૂજન અર્ચન કરવામાં આવે છે, તેમજ ભાદરવા સુદ ચૌદશના દિવસે અહીંયા ૪૮ વર્ષ થી સતત ૧૦૦૮ લાડુનો દશાંશ હોમ કરવામાં આવે છે. રાજકીય આશીર્વાદ માટે શ્રદ્ધાના કેન્દ્ર સમા આ મંદિરે પૂર્વ મુખ્ય મંત્રી શંકરસિંહ વાઘેલા, સુરેશ મહેતા સહિત મંત્રી અને ધારાસભ્ય સાથે ઘણા રાજકીય આગેવાનો મંદિરે દર્શન માટે આવ્યા છે.નદીસરના દેશ દેશાવર તેમજ રાજ્યમાં અન્ય સ્થળે રહેતા શ્રદ્ધાળુ ભાવિકો પણ અવાર નવાર નદીસરના ગણપતિ મંદિર દર્શન કરવા આવે છે. કહેવાય છે કે, આજ થી ૭૦૦ વર્ષ પહેલાં કેટલાક યોગીઓ અહીંયા આ સ્થળે આવીને ગૂઢ સાધના કરી હતી.

# ગોધરાના ટુવા પાસે મીરપ ગામે શોર્ટ સર્કિટની આગ લાગતા દોડધામ મચી ફાયર ફાયટરોએ ભારે જહેમત બાદ આગ ઉપર કાબુ મેળવ્યો



ગોધરા,

ગોધરા તાલુકાના ટુવા ગામ પાસે આવેલ મીરપુર ગામે રાત્રીના સમયે એક મકાનમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હતી. આગની ઘટનાની ફાયર બ્રિગેડને જાણ કરવામાંઆવતાં ભારે જહેમત બાદ આગ ઉપર કાબુ મેળવવામાં આવ્યો હતો. ઘરનો સરસામાન બળીને ખાખ થઈ જવા પામ્યો હતો.પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના ટુવા પાસે આવેલી મીરપુર ગારે રહેતા ઘનશ્યાભાઈ પટેલના મકાનમાં રાત્રીના સમયે શોટ સર્કિટના કારણે મકાનમાં આગ લાગી હતી. આગની ઘટનાને લઈ લોકોમાં અફરાતફરી મચી જવા પામી હતી. સ્થાનિક લોકોએ ફાયર બ્રિગેડને જાણ કરતાં ગોધરા ફાયર ફાયટરોની ટીમ મીરપુર ગામે પહોંચી હતી. આગ ઉપર સતત પાણીનો મારો ચલાવી ત્રણ કલાકની ભારે જહેમત બાદ આગ ઉપર કાબુ મેળવ્યો હતો. મકાનમાં લાગેલ આગની ઘટનામાં ઘરવખરી સરસામાન બળી જતાં અંદાજીત બે થી ત્રણ લાખનું નુકશાન થવા પામ્યું. આ બાબતે પોલીસ મથકે ફરિયાદ નોંધાઈછે.

# ગોધરાના લીલેસરા ગામના તળાવના પાણીના નિકાલ માટે પાઈપો જામ થતાં પાણી ઓવરફ્લો

ગોધરા,

ગોધરાના લીલેસરાના તળાવના પાણીનો નિકાલ માટેની પાઈપો જામ થઈ જતાં તળાવનુ પાણી ઓવરફલો થઈ રહ્યુ છે. એક માસ વિતી ગયો છતાં પાણી ઓસરતા નથી.જેથી ખેડુતોને ખેતરોમાં જવા માટે ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. જેથી ખેડુતો દ્વારા કલેકટરને લેખિત રજુઆત કરવામાં આવી છે. જેમાં તળાવમાં વરસાદી પાણી ભરાતા પાણીનો કાયમી નિકાલ નહિ થતાં પાણી આસપાસના વિસ્તારોમાં અને સોસાયટીઓમાં ફરી વળતા લોકોને ખુબ હેરાનગતિનો સામનો કરવો પડી રહ્યો છે. ખેડુતોના પશુઓ સહિત જમીનો ધોવાઈ જતાં ભારે નુકસાન થવા પામેલ છે. મુખ્ય તળાવમાં પાણીના નિકાલ માટેની પાઈપો હાલમાં સદંતર બંધ થઈ જતાં વરસાદી પાણીનો નિકાલ નહિ થતાં તળાવ ઓવરફલો થવાની સ્થિતિ ઉભી થઈ છે. ભારે વરસાદને એક માસ જેટલો સમય વિતી ગયો છતાં તળાવની આસપાસના ખેતરોમાં ખેડુતો હજુ સુધી જઈ શકતા નથી.

# જય જલારામ સ્કુલના નીટ ચોરી મામલે જેલમાં રહેલ ચેરમેનને રતનપુર કાંટડીના ઉપસરપંચ પદેથી સસ્પેન્ડ કરાયા

ગોધરા,

ગોધરા નીટની પરીક્ષામાં ચોરી કરાવવાના પ્રકરણમાં સંડોવાયેલા આરોપી અને જય જલારામ સ્કુલના ચેરમેન દિક્ષિત પટેલને રતનપુર કાંટડી ગામના ઉપસરપંચ પદેથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

ગોધરા શહેર નજીક આવેલી જય જલારામ સ્કુલમાં નીટ પરીક્ષામાં ચોરી કરાવવાના પ્રકરણનો પર્દાફાશ થયો હતો. જેમાં ગોધરા નજીક આવેલી જય જલારામ સ્કુલને ફાળવવામાં આવેલ પરીક્ષા કેન્દ્રમાં ચોરી થાય તે પુર્વે જ મામલો સામે આવ્યો હતો. પોલીસે તપાસ કર્યા બાદ સમગ્ર તપાસ સીબીઆઈને સોંપવામાં આવતા જય જલારામ સ્કુલના સંચાલક દિક્ષિત પટેલની પણ ધરપકડ કરાઈ હતી. દિક્ષિત પટેલ રતનપુર કાંટડી ગામન ઉપસરપંચ હોવાથી તેઓને હોદ્દા પરથી દુર કરવા માટેની તજવીજ હાથ ધરવામાં આવી હતી. ગોધરા ટીડીઓ દ્વારા ડીડીઓને પત્ર લખીને નીટ પરીક્ષામાં ચોરી કરાવવાના ષડયંત્રમાં સંડોવાયેલા દિક્ષિત પટેલને ઉપસરપંચના હોદ્દા પરથી મોકુફ કરવા માટે દરખાસ્ત મોકલી હતી. ત્યારે પંચમહાલ જિલ્લા વિકાસ અધિકારી ડી.કે.બારીયા દ્વારા ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૫૯(૧)મુજબ ગેરલાયકાત થતાં હોવાને લઈને ઉપસરપંચ પદેથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનિય છે કે, દિક્ષિત પટેલ દ્વારા સીબીઆઈ કોર્ટમાં દાખલ કરવામાં આવેલી જામીન અરજી કોર્ટ દ્વારા નામંજુર કરવામાં આવી હતી.

# શહેરાના નાંદરવા ગામે બીજા રવિવારે ઝાલા બાપુજીનો ભવ્ય મેળો ભરાયો



શહેરા,

શહેરા તાલુકાના નાંદરવા ગામ ખાતે ભાદરવા માસના બીજા રવિવારે ઝાલા બાપજીનો ભવ્ય મેળો ભરાયો હતો. અહી જીલ્લા તેમજ અન્ય જીલ્લામાંથી મોટી સંખ્યામાં આવેલા પશુપાલકો ઝાલા બાપાજીના દર્શન કરી પોતાના પશુઓ તંદુરસ્ત અને સ્વસ્થ રહે તે માટે બાધા લેતા હોય છે. મેળામાં આવેલા લોકો ઘરવખરી સહિતની અન્ય જરૂરી ચીજ વસ્તુઓની ખરીદી કરી હતી.

પંચમહાલ જીલ્લાના શહેરા તાલુકાના નાંદરવા ગામે આવેલ ઝાલા બાપજીના મંદિરે દરવર્ષે પરંપરાગત રીતે ભાદરવા માસના બીજા રવિવારે ઝાલા બાપજીનો મેળો ભરાતો હોય છે. જેમાં પશુપાલકો પોતાના પશુઓને બાધા આખડી લેવા માટે આવતા હોય છે. ત્યારે આ વર્ષે પણ ભાદરવા માસના બીજા રવિવારે નાંદરવા ગામના ઝાલા બાપજીના મંદિરે વર્ષોથી ચાલતી પરંપરા મુજબ ઝાલા બાપજીનો મેળો ભરાયો હતો. આ મેળામાં નાંદરવા ગામ તેમજ આસપાસના ગામો માંથી મોટી સંખ્યામાં પશુપાલકો સહિતના લોકો આવ્યા હતા. જેમાં લોકોએ મેળાની મોજમાણવાની સાથે જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓની પણ ખરીદી કરતા નજરે પડ્યા હતા. ઝાલા બાપજીના દર્શનાર્થે આવેલા પશુપાલકોએ પોતાના દુધાળા પશુઓના દીર્ઘ આયુષ્ય માટે અને આખું વર્ષ દૂધ આપનારા બની રહે તે માટે ઝાલા બાપજીની પૂજા અર્ચન કરીને પોતાના પશુઓ સ્વસ્થ અને તંદુરસ્ત રહે તે માટે બાધા આખડી લીધી હતી. આ મેળામાં વિવિધ પ્રકારના માટીના વાસણો આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા, તો મેળામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે માટે અહીં ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો હતો. જાણવા મળ્યા પ્રમાણે અહીં પૂજારી દ્વારા આપવામાં આવેલો 'ઘી' વાળી સુખડીનો પ્રસાદ દિવા પર ફેરવીને પશુપાલકો પોતાના પશુઓને ખવડાવતા હોય છે. જેનાથી તેમના પશુઓનું આખું વર્ષ સુખમય, દીર્ઘાયુ બની રહેતું હોવા સાથે અનેક મનોકામનાઓ પૂર્ણ થતી હોવાની પણ માન્યતા રહેલી છે.

# શહેરા પોલીસ મથકે ઈદ મિલાદને લઈ ના.પોલીસ અધિક્ષકની અધ્યક્ષતામાં શાંતિ સમિતિની મીટીંગ યોજાઈ



શહેરા,

શહેરા પોલીસ સ્ટેશન ખાતે ઈદે મિલાદના તહેવારને લઈને નાયબ પોલીસ અધિક્ષક એન.વી.પટેલ અને પોલીસ ઈન્સ્પેક્ટર રાહુલ રાજપુતની અધ્યક્ષતામાં હિન્દુ-મુસ્લિમ સમાજના આગેવાનો સાથે શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી. પંચમહાલ જીલ્લામાં સોમવારના રોજ મુસ્લિમ સમાજનો ઈદે મિલાદનો તહેવાર હોય અને આ પર્વ શાંતિમય વાતાવરણમાં ઉજવાય જેને લઈને શહેરા પોલીસ મથકે ડીવાયએસપી એન.વી.પટેલ અને પોલીસ ઈન્સ્પેક્ટર રાહુલ રાજપુતની અધ્યક્ષતામાં હિન્દુ-મુસ્લિમ સમાજના આગેવાનો સાથે શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં ઈદે મિલાદના તહેવારને લઈને મુસ્લિમ સમાજ દ્વારા આયોજીત જુલુસ શાંતિમય વાતાવરણમાં નીકળે અને તહેવાર દરમ્યાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ દ્વારા સામાજીક આગેવાનો સાથે ખાસ ચર્ચા કરાઈ હતી. નગરના હિન્દુ-મુસ્લિમ સમાજના આગેવાનો તેમજ યુવાનો હાજર રહ્યા રહ્યા હતા.

# શહેરા પાનમ ટોલનાકા થી પોલીસે કારનો ૧૧ કિલો મીટર પીછો કરી ૧૨૭૬ કિલો ગૌમાંસ ઝડપ્યો



શહેરા,

શહેરા પોલીસે પાનમ ટોલના નાકાથી ૧૧ કિલો મીટર સુધી ફિલ્મી ઢબે કારનો પીછો કરીને ૧૨૭૫ કિલો ગૌમાંસનો જથ્થો ઝડપી પાડયો હતો. પોલીસે ગૌમાંસ અને કાર મળીને કુલ રૂપિયા ૫,૫૫૦૦૦નો મુદ્દામાલ કબ્જે લઈને કારના નંબરના આધારે આરોપીઓને પકડી પાડવાના ચક્રો ગતિમાન કર્યા હતા.

પંચમહાલ જીલ્લા નાયબ પોલીસ અધિક્ષક એન.વી.પટેલને ખાનગી રાહે માહિતી મળી હતી કે હોન્ડા સીટી કારમાં ગૌમાંસનો જથ્થો ભરીને લુણાવાડા થી ગોધરા તરફ આવાની છે. મળેલ માહિતીના આધારે નાયબ પોલીસ અધિક્ષકની સૂચનાથી શહેરા પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેક્ટર રાહુલ રાજપુત, પોલીસ કર્મી વિપુલ જાદવ સહિતના સ્ટાફે પાનમ ટોલનાકા પાસે વોચ ગોઠવી હતી. બાતમીના વર્ણન વાળી હોન્ડા સિટી કાર આવતા પોલીસે ઉભી રાખવા માટે ઈશારો કરવા છતાં ગૌમાંસ ભરેલ કારના ચાલકે ગાડી ગોધરા તરફ ભગાડી મૂકી હતી. પોલીસે ૧૧ કિમી સુધી કારનો પીછો કરતા કાર ચાલકે મોતાલ ગામ પાસે કાર મૂકીને નાસી ગયો હતો. પોલીસે હોન્ડા સીટી કારની અંદર તપાસ કરતા ગૌમાંસ નો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસ દ્વારા કાર અને ગૌમાંસના જથ્થાને પોલીસ સ્ટેશન ખાતે લાવીને જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. નાયબ પોલીસ અધિક્ષક એન.વી.પટેલને મળેલી માહિતી ના આધારે અને શહેરા પોલીસ મથક ના પી.આઈ રાહુલ રાજપુત, પોલીસ કર્મી વિપુલ જાદવ સહિતના સ્ટાફની મહેનતના કારણે ૧૨૭૫ કિલો ગૌ માંસ નો જથ્થો જેની કિંમત ૨,૫૫,૦૦૦ નો પકડી પાડ્યો હતો, પોલીસ દ્વારા ફિલ્મી ઢબે ૧૧ કિલોમીટર સુધી પીછો કરીને કાર અને ગૌ માંસના જથ્થો મળીને કુલ રૂપિયા ૫,૫૫,૦૦૦ નો મુદ્દામાલ કબ્જે લઈને પોલીસે કારના નંબરના આધારે આરોપીઓ સુધી પહોંચવાની તજવીજ હાથધરી છે. જીલ્લામાં ચાલુ વર્ષ દરમિયાન એકમાત્ર શહેરા પોલીસે ગૌ માંસનો મોટો જથ્થો પકડી પાડીને કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી હોય એમ કહીએ તો નવા નહી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 28, No.22